રાજભવન, ગાંધીનગર
તા. ૩૦-૦૪-૨૦૧૫

## સ્વ. શ્રી બરજોરજી પારડીવાલાને શ્રધ્ધાંજલિ અર્પતા રાજયપાલશ્રી

---

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી બરજોરજી પારડીવાલાના નિધન પર ઉંડા દુઃખની લાગણી વ્યકત કરી હતી.

રાજયપાલશ્રીએ તેમના શોક સંદેશમાં જણાવ્યું હતું કે ગુજરાત વિધાનસભાનું અધ્યક્ષ પદ સંભાળનાર સ્વર્ગસ્થ શ્રી બરજોરજી પારડીવાલાની કાર્યશૈલી હંમેશા સાર્વજનિક હિતને ધ્યાનમાં રાખનારી હતી. તેમના સેવાકાર્યો સૌને દીર્ઘ સમય સુધી યાદ રહેશે.

ઈશ્વર દિવંગતને ચિરશાંતિ પ્રદાન કરે અને તેમના શોક સંતપ્ત પરિવારજનોને આ અસહનીય દુઃખ સહન કરવાની શકિત આપે, તેવી રાજયપાલશ્રીએ પ્રાર્થના કરી છે.

------

પ્રેસ સચિવ